
૪ ચાલો જોવા જઈએ મેળો

L2H3N6

● **સાંભળો અને ગાઓ.**

ચાલો જોવા જઈએ મેળો, ચાલો જોવા જઈએ મેળો,
મેળામાં જઈશું, મજા કરીશું, ચાલો જોવા જઈએ...
મેળામાં જઈશું, શું શું કરશું ?
ચક્કર ચક્કર ચકડોળમાં ફરશું.
જાડા પાડા હાથી પર બેસશું, ચાલો જોવા...
મેળામાં જઈશું શું શું ખાશું ?
તીખી તીખી ભેળ ખાશું.
ઠંડો ઠંડો આઇસક્રીમ ખાશું. ચાલો જોવા...
મેળામાં જઈશું, શું શું લેશું ?
ભાઈ માટે ભમરડો લેશું.
મમ્મી માટે માળા લેશું.
ચાલો જોવા જઈએ મેળો.
રમકડાં લેશું, દૂરબીન લેશું.
ફરકડી લેશું, પિપૂડી લેશું.
ચાલો જોવા જઈએ મેળો.







• વાતચીત :

૧. તમે ક્યારેય મેળામાં ગયા છો ? કોની સાથે ?

૨. મેળામાં તમે શું શું જોયું ?

૩. તમે મેળામાં શું શું કર્યું ?

૪. બજારમાં ન હોય અને મેળામાં હોય એવું શું શું હતું ?

૫. મેળામાં શાની - શાની દુકાનો હોય છે ?

૬. મેળામાં વેપારીઓ ગ્રાહકને કેવી કેવી રીતે બોલાવે છે ?

૧. ગીતમાં આ શબ્દો આવ્યા હોય તો 'મેળો મેળો' બોલો અને ન આવ્યા હોય તો 'ગોળો ગોળો' બોલો.

- હાથી
- ચકડોળ
- કૅમેરા
- દૂરબીન
- ચૉકલેટ
- આઇસક્રીમ
- જલેબી
- પપ્પા
- ભમરડો
- ગાય

૨. સાંભળો, જુઓ અને કહો.

૧. 'લેશું' - શબ્દ કેટલીવાર આવ્યો ?

૨. 'આઇસક્રીમ' શબ્દ ક્યાં છે ? આંગળી મૂકી બતાવો.

૩. પાંચમી લીટીમાં કેટલા શબ્દો છે ?

૪. ચોથી લીટીમાં 'ચક્કર' શબ્દ કેટલી વખત આવે છે ?

૫. છેલ્લી ત્રણ પૈકી કઈ લીટીમાં 'પિપૂડી' છે - તે શોધી બતાવો.

૬. આઠમી લીટીમાં ખાવાને લગતું શું આવે છે ?

૩. તમને ક્યાં ક્યાં જોવા મળશે કહો ?

- ચકડોળ
- હાથી
- દુકાન
- ભમરડો
- દૂરબીન
- ભેળ
- રમકડાં
- પિપૂડી

૪. ચિત્ર જુઓ અને પ્રશ્નોના જવાબ આપો.



- **વાતચીત :**

૧. આ ચિત્ર શેનું છે ?

૨. મેળામાં રમકડાંની કેટલી દુકાન છે ?

૩. મેળામાં તમને સૌથી વધારે શું ગમે ?

૪. બંગડીવાળા ભાઈ સાથે છોકરી શું વાતો કરતી હશે ?

૫. ફુગ્ગા લઈને છોકરો બીજે ક્યાં ક્યાં ફરવા જશે ?

૬. મેળામાં બીજું શું શું જોવા જેવું છે?

અપ્પુ પહોંચ્યો મેળે

એક ગામ હતું. ગામનું નામ હાથીજણ. ગામ અને જંગલ વચ્ચે એક વગડો. વગડો એટલે મોટી ખાલી જગ્યા જ્યાં બહુ ઝાડ ન હોય. હાથીજણ ગામની આસપાસ અનેક ગામ હતાં. હાથીજણ ગામના વગડામાં દર વર્ષે ગોકુળઆઠમનો મેળો ભરાય. આસપાસનાં બધાં ગામોમાંથી લોકો એ મેળામાં આવે બધા લોકો મેળો ભરાય એની રાહ જુએ.

નાનાં છોકરાંઓ માટે મેળામાં રમવા માટે ચકડોળ, ઊંચી લપસણી, કૂદકા માટે હવા ભરેલાં ગાદલાં હોય, અવનવાં રમકડાં હોય. મોટાંઓ માટે વાસણો, કપડાં અને ઘણી બધી કામની વસ્તુઓ હોય. બે દિવસના મેળામાં ઘણાં લોકો આવે અને મજા કરે. ખરીદી કરે અને આખું વર્ષ મેળાને યાદ કરે.

આ વર્ષે પણ મેળો ભરાયો હતો. દર વર્ષે હોય તે બધી રમતો અને વસ્તુઓ હતી પણ આ વર્ષે એક નવી બાબત હતી. મેળામાં બૅન્ડવાળા આવ્યા હતા. જેને જે ગીત ગમે તે કહે એ બૅન્ડવાળા વગાડે. જેને સારું ગાતાં આવડે એને બૅન્ડવાળા ગાવા દે. બાળગીતો વગાડે, ફિલ્મનાં ગીતો વગાડે, ગરબાનાં ગીતો વગાડે. જેને ગીત ગમે તે બૅન્ડવાળાને પૈસા આપે.



બૅન્ડનો અવાજ જંગલમાં પણ સંભળાયો. હાથીજણ પાસેના જંગલમાં હાથીઓ રહેતા હતા એક હાથીના બચ્ચાને આ બૅન્ડનો અવાજ બહુ ગમી ગયો. એ અવાજની દિશાએ ચાલતું ચાલતું મેળા પાસે આવ્યુ. બૅન્ડવાળાએ એક ગીત પૂરું કર્યું એટલે હાથીના બચ્ચાએ સૂંઢ ઊંચી કરીને ચિચિયારી પાડી જાણે એ એમની સાથે ગાવા માગતું હોય કે પછી ફરી વગાડવાનું કહેતું હોય. બધાનું ધ્યાન એ બચ્ચા તરફ ગયું.

હાથીના બચ્ચાને જોઈ બધાં બાળકો ખુશ થઈ ગયાં. એમણે પણ ચિચિયારી પાડી. આમ સામસામે ચિચિયારી પાડતાં દોસ્તી થઈ ગઈ પણ છોકરાનાં મા-બાપ અને મેળાવાળા ચિંતામાં પડી ગયાં. આ બચ્ચું તોફાને ચડે તો ? બધાંએ પોતપોતાનાં બાળકોને એક તરફ કરી લીધાં. હાથીનું બચ્ચું ધીરે ધીરે અંદર આવ્યું. બધાંની સામે જોઈ એને માથું ધુણાવ્યું જાણે કહેતું હતું કે હું કંઈ નહીં કરું. પછી એ દરેક દુકાન પાસે જવા માડ્યું. ધીરે ધીરે બાળકો પણ એની પાછળ પાછળ ચાલવા લાગ્યાં. તડબૂચવાળાએ એને તડબૂચ આપ્યું. બચ્ચું ખુશ થઈ ગયું. એને સૂંઢ ઊંચી કરી સલામ કરી. શેરડીવાળાએ શેરડી આપી, બચ્ચું ખુશ થઈ ગયું. પાણીપૂરીવાળાએ પૂરી આપી. બચ્ચાએ માથું ધુણાવ્યું. આમ, હવે બાળકોને એ બચ્ચા સાથે મજા પડવા માંડી. એક બાળકે એનું નામ અપ્પુ પાડ્યું. બાળકો ગાવા માંડ્યા.

મેળામાં આવ્યું હાથીનું બચ્ચું
એનું નામ પાડ્યું અપ્પુ
બન્યું અમારું ભાઈબંધ સાચ્ચું.

બધાં ગાવા માંડ્યા એટલે બૅન્ડવાળા પણ વગાડવા માંડ્યા. અપ્પુ પણ ખુશ થઈ ગયું. એ ચિચિયારી પાડી. બાળકોએ પણ પાડી. અપ્પુ જમીન પર બેઠું. બધાં બાળકો એની પીઠ પર ચડ્યાં અને સૂંઢ પરથી લપસવા લાગ્યાં. ખૂબ જ મજા પડી ગઈ.

એટલી વારમાં દૂર એક મોટી ચિચિયારી સંભળાઈ. અપ્પુ ઊભુ થઈ ગયું. એ સમજી ગયું કે એની મા એને શોધતી આવે છે. એણે માને જવાબ આપ્યો. એની મા મેળાના દરવાજે આવીને ઊભી રહી. અપ્પુ દોડતું એની પાસે ગયું. આખરે અપ્પુ પણ એક બચ્ચું ખરું ને ! મા બોલાવે એટલે જવું પડે એને સૂંઢ ઊંચી કરી બધાંને આવજો કહ્યું. બધાં બાળકોએ પણ હાથ ઊંચા કરી અને વિદાય આપી.

એક નાનું બાળક તો રડવા બેઠું. જીદે ચડ્યું. 'મારે અપ્પુ સાથે જવું છે... મારે અપ્પુ સાથે જવું છે'... મારે જંગલમાં જવું છે' એની માએ એને માંડ સમજાવ્યું, ''અપ્પુ આવતા મેળામાં પણ આવશે ત્યારે ફરી આપણને મળશે.''

બધાં બાળકો બોલ્યાં હાજી, હાજી, અપ્પુ રાજા આવજો, જી, અમે સૌ રાજી.

• વાતચીત :

૧. તમને મેળામાં જવું ગમે ? કેમ ?

૨. મેળામાં શું શું હોય ?

૩. મેળામાંથી તમને શું લેવું ગમે ?

૪. તમને કોની સાથે મેળામાં જવું ગમે ?

૫. તમે હાથીના બચ્ચાનું શું નામ પાડો ?

૬. હાથીનું બચ્ચું તોફાને ચડ્યું હોત તો શું થાત ?

૫. વાક્ય સાંભળો. વાક્ય સાચું હોય તો 'અપ્પુ' અને વાક્ય ખોટું હોય તો 'ગપ્પું' બોલો.

૧. મેળો બે દિવસ ચાલતો.

૨. મેળામાં ફિલ્મવાળા આવ્યા હતા.

૩. હાથીના બચ્ચાને બૅન્ડનો અવાજ બહુ ગમી ગયો.


૪. બાળકો અપ્પુની પીઠ પર ચડ્યાં.

૫. હાથીના બચ્ચાને જોઈ મેળાવાળા ખુશ થઈ ગયા.


૬. વાર્તામાં આવેલા શબ્દની બાજુમાં 'છે' અને ન આવેલા શબ્દની બાજુમાં 'ના' લખો.

- આસપાસ = _____
- સરકસ = _____
- ચકડોળ = _____
- રમકડાં = _____
- ફરકડી = _____
- સલામ = _____
- પાણીપૂરી = _____
- આઇસક્રીમ = _____


૭. સૂચના મુજબ રંગ પુરાવો.




‘પ’ ઓળખો. પીળો રંગ પૂરો.



‘ડ’ ઓળખો. લાલ રંગ પૂરો.





‘ત’ ઓળખો. લાલ રંગ પૂરો.





‘ણ’ ઓળખો. વાદળી રંગ પૂરો.


૮. ટપકાં જોડી મૂળાક્ષર પૂર્ણ કરો.














૯. ઉદાહરણ મુજબ લખો.

ન	ના	ને	નિ	ની
મ	મા	મે	મિ	મી
ગ	ગા	ગે	ગિ	ગી
જ	જા	જે	જિ	જી
વ	વા	વે	વિ	વી
ર	રા	રે	રિ	રી

૧૦. લખો.

સ	સા	સે	સિ	સી
દ	દા	દે	દિ	દી
ક	કા	કે	કિ	કી
બ	બા	બે	બિ	બી
અ	આ	એ	બિ	બી
છ	છા	છે	છિ	છી

૧૧. લખો.

પ	પા	પે	પિ	પી
ડ	ડા	ડે	ડિ	ડી
ત	તા	તે	તિ	તી
ણ	ણા	ણે	ણિ	ણી
ઈ	ઈ	ઈ	ઈ	ઈ
ઈ	ઈ	ઈ	ઈ	ઈ

૫૪ ‘ત’ શોધી / કરો. ડ ણ ૫ ત ઈ ત ણ ડ ૫ ઈ ત ૫ ડ મ ત ૫ ડ ણ ઈ ૫ ડ ત (ચોપન)

૧૨. ઉદાહરણ મુજબ મૂળાક્ષર ઓળખો અને ◯ કરો.

પ : (પ)ગ, (પ)રમ, (પ)તંગ, (પ)રવર


ડ : ડર, ડમરુ, ડગલો, અડગ

ણ : માણ, રણ, કમ, ચમ, બાણ

ઈ : ઈસ,ઈંટ, ઈમારત, રજાઈ

ત : તરત, તરલ, તારા, તલવાર, તોરણ

૧૩. જુઓ અને ઓળખો અને ◯ કરો.

પ	ડ	ત	ણ	ઈ	ઈ
					
પતંગ	ડમરુ	તપેલી	ફેણ	ઈયળ	ઈસ

- રમત :

(શિક્ષક પ, ડ, ત, ણ, ઈ, ઈ મૂળાક્ષર કાર્ડ બાળકના ગળામાં પહેરાવી અમુક અંતરે ઊભાં રાખશે તથા બાળકોને પૂછશે. 'અક્ષરે અક્ષરે કયો અક્ષર' રમત શરૂ કરાવવા શિક્ષક કહેશે 'પ' એટલે બધાં ઊભેલાં બાળકોમાંથી 'પ' મૂળાક્ષર પહેરેલા બાળકના પાસે પહોંચીને મૂળાક્ષરને અડકશે. આવી રીતે રમત આગળ વધશે.)

૫૫ 'ણ' શોધી / કરો. પ ત ડ ઈ લ ણ ત પ ણ ડ ત ણ પ ણ ત પ ઈ લ ણ (પંચાવન)

૧૪. ચિત્ર જુઓ શબ્દ શોધો અને લખો.







પા ક વ ણ ડો	પ ડ ત ણ ગ	પી આ ડી દુ

૧૫. કાગળમાંથી હોડી, વિમાન, કૅમેરા, દેડકો, પંખો, ફરકડી બનાવો અને કોણે કેવી રીતે બનાવી તેની ચર્ચા કરો. (જોડીકાર્ય)

૧૬. રમત :

- ‘કેટલા રે કેટલા’ રમત રમાડો.

૧૭. શબ્દોનું અનુલેખન કરો.

પાપડ				
મારા				
દાણા				
નેતા				
મેના				
રેતી				
સાડી				
વાણી				
પાણી				
બકરી				

૧૮. મોટેથી વાંચો અને અનુલેખન કરો.

ગણતરી કરી.

છરી આપે.

કીડી આવી.

બીક લાગી.

બિલાડી ગઈ.

૧૯. મોટેથી વાંચો.

બિલાડી આવી.

મજાની બિલાડી આવી.

મજાની બિલાડી આવી દોડતી.

ગીત.

ગીતા ગીત ગા.

ગીતા સરસ ગીત ગા.

૫૮ 'ય' શોધી / કરો. ય ડ ઈ ણ ત ણ ડ ય ણ ઈ ત ણ ત ય ઈ ત ડ ય ઈ ત ઈ ય (અક્ષાવન)